

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાની  રેલ્વે DRUCC માં નિમણુંક કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપમ્રખુશ્રી પાર્થભાઈ ગણાત્રાની રેલ્વેની DRUCC કમિટિમાં નિમણુંક થયેલ છે. સતત ૨૦૧૩ થી DRUCC ના મેમ્બર તરીકે કાર્યરત રહી રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને સારી રેલ્વે સુવિધા મળી રહે તથા વેપાર-ઉદ્યોગ અને આમ જનતાના રેલ્વેના પ્રશ્નોની સચોટ રજુઆતો કરી તેનો ઉકેલ લાવવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. રાજકોટ ચેમ્બર દ્વારા કરાયેલ સફળ રજુઆતો જેમા ખાસ કરીને રાજકોટ રેલ્વે સ્ટેશનમાં મુસકાફરો માટે એસ્કેલેટરની સુવિધા શરૂ થઈ ગયેલ છે., લગેજ સ્કેનર મશીન મુકાવામાં આવેલ છે., રાજકોટ સ્ટેશનના પ્લેટફોર્મ ન.૩ ઉપર કોચ ગાઈડન્સની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે., રાજકોટ-મુંબઈ જવા માટે 'હમસફર એકસપ્રેસ' ટ્રેઈન શરૂ કરવામાં આવેલ છે., રાજકોટ-અમદાવાદ શરૂ થયેલ દુરન્ટો એકસપ્રેસને રાજકોટ સુધી લંબાવવામાં આવેલ છે. ઉપરાંત સુરેન્દ્રનગર-રાજકોટ વચ્ચેનો ડબલ ટ્રેક પ્રોજેકટ ઝડપી પુરો થાય તે અંગે પણ ભારપૂર્વક રજુઆત કરેલ છે.

તદઉપરાંત હજુ મુસાફરોને રેલ્વેની સારી સુવિધાઓ મળે તેવા પ્રયત્નો ચાલુ રાખીશું. જે કોઈને રેલ્વેના પ્રશ્નો હોય તો તે રાજકોટ ચેમ્બરને મોકલી આપવા ઉપપ્રમુખશ્રી પાર્થભાઈએ અનુરોધ કરેલ છે. જેથી તેની તાત્કાલીક રજુઆત કરી ઉકેલ લાવી શકાય. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.